**સ્વચ્છતા સર્વેક્ષણમાં સુપર સ્વચ્છ લીગમાં સુરતની સિદ્ધિને બિરદાવવા માટે મગદલ્લા વાય જંક્શન ખાતે સમારોહ યોજાયો**

# સ્વચ્છતા આપણા જીવનની આદત બનવી જોઈએ: કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ

**સુરતને** 'ખૂબસૂરત' બનાવવામાં સફાઈ કર્મચારીઓનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે: સુરતના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ

**સમારોહમાં** સ્વચ્છતા યોદ્ધાઓને ફૂલોથી વધાવીને સન્માનિત કરાયા અને શ્રમયોગીઓને મોઢું મીઠું કરાવવામાં આવ્યું

સુરતઃ શહેરના નાગરિકોએ સ્વચ્છતાની તમામ માર્ગદર્શિકાઓનું પાલન કરી સફળતા મેળવી છે. ગાંધીજીએ સ્વતંત્રતા આંદોલનની સાથોસાથ દેશવાસીઓમાં સ્વચ્છતા જાગૃતિના આગ્રહી રહ્યા હતા. ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને પૂર્ણ કરવા વડાપ્રધાનએ કમર કસી છે. સુરતની સ્વચ્છતા જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે. સ્વચ્છતા આપણા જીવનની આદત બની જવી જોઈએ. ઘન કચરાના વ્યવસ્થાપનમાં સુરત અન્ય શહેરો માટે પ્રેરણાસ્ત્રોત બનશે તેમ આજે સુરતમાં 'સ્વચ્છતા સર્વેક્ષણ- ૨૦૨૪'માં 'સુપર સ્વચ્છ લીગ'માં દેશભરમાં અગ્રેસર સ્થાન મેળવનાર સુરત શહેરની સિદ્ધીને બિરદાવવા માટે આયોજીત સમારોહમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે જણાવ્યું હતું.

સ્વચ્છતાના મામલે દેશભરમાં સર્વોચ્ચ સ્થાન મેળવનાર સુરતની આ સિદ્ધિને ઉજવવા અને સ્વચ્છતા યોદ્ધાઓના સન્માન માટે ડુમસ-મગદલ્લા રોડ પર વાય જંકશન ખાતે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સ્વચ્છતા યોદ્ધાઓને ફૂલોથી વધાવી સન્માનિત કર્યા હતા તેમજ શ્રમયોગી સફાઈ કર્મચારીઓને મીઠું મોં કરાવી આ સિદ્ધિની ઉજવણી કરી હતી. સફાઈ કર્મચારીઓને અભિનંદન આપતાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુરતને 'ખૂબસુરત' બનાવવામાં સફાઈ કર્મચારીઓનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે. ૨૦૧૪માં વડાપ્રધાનએ મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા સપનાને સાકાર કરવા સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું અને આજે સુરત એ દિશામાં એક અગ્રણી ઉદાહરણ બનીને ઉભર્યું છે.

મેયર દક્ષેશ મવાણીએ સુરતની સ્વચ્છતા સિદ્ધિનો શ્રેય શહેરીજનોને આપતા જણાવ્યું હતું કે, શહેરની તમામ માતા-બહેનોએ પોતાના ઘરમાંથી શરૂ થતા સ્વચ્છતાની જ્યોત અને સંસ્કારને જીવંત રાખ્યા છે અને ઘર, શેરી-મહોલ્લાને કચરામુક્ત બનાવવાના કાર્યમાં પ્રત્યેક દિવસે પોતાનું નાનકડું યોગદાન આપે છે. આ પ્રસંગે સુરતના સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય મનુભાઈ પટેલ, પ્રવિણભાઈ ઘોઘારી, ડે. મેયર ડૉ.નરેન્દ્ર પાટીલ, મ્યુ. કમિ. શાલિની અગ્રવાલ, પો. કમિ. અનુપમસિંહ ગેહલોત, મનપા કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### સ્વચ્છતા સરવેની 'સુપર લીગ'માં સુરતને સર્વશ્રેષ્ઠ જાહેર કરાતા 'ICCC'માં હાજર અધિકારીઓમાં ખુશી

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા માટે સુરત મહાનગર પાલિકા દ્વારા આજરોજ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉધના-મગદલ્લા રોડ ખાતે આવેલ સુરત મહાનગર પાલિકાના ICCC ખાતે સ્વચ્છતા સર્વેક્ષણનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં સફાઈ કામદારો સહિત આરોગ્ય વિભાગ સહિતના વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પરિણામ જાહેર થતાંની સાથે જ ICCCમાં ઉપસ્થિત તમામ કર્મચારીઓ અને અધિકારીઓએ તાળીઓના ગડગડાટ અને આનંદની કીકીયારીઓથી પરિણામને વધાવી લીધા હતા. આ સાથે સફાઇ કર્મચારીઓ સાથે ઉજવણી કરી હતી. ફટાકડા ફોડવા સાથે ફુગ્ગા આકાશમાં વિહરતા કરીને આંનદ વ્યક્ત કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બીએપીએસના ડૉ. જ્ઞાનવત્સલદાસ સ્વામીને અમેરિકાના ઓહાયો રાજ્ય દ્વારા સન્માનિત કરાયા

સુરતઃ બીએપીએસના ડૉ. જ્ઞાનવત્સલદાસ સ્વામીને ગત તા.9 જુલાઈ, 2025ના રોજ અમેરિકાના ઓહાયો રાજ્ય દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ગવર્નર માઈક ડીવાઇન દ્વારા ડૉ. જ્ઞાનવત્સલદાસ સ્વામીને અધિકૃત રીતે માન્યતા આપવામાં આવી કે, 'તમારું સમર્પણ અને સકારાત્મક ફેરફાર લાવવાની લાગણી, દુનિયાને વધુ સારી બનાવતી રહે છે.'

### CSEETનાં પરિણામ જાહેર: ઈગ્નાઈટ એકેડેમીના 17 વિદ્યાર્થી સફળ

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા ૫ અને ૭ જુલાઈ-૨૦૨૫એ લેવાયેલા CSEET (CS એક્ઝિક્યુટિવ એન્ટ્રન્સ ટેસ્ટ) નું પરિણામ ૧૬ જુલાઈએ જાહેર કરવામાં આવ્યું હતું. CA CS સ્નેહ ભાટિયાના માર્ગદર્શન હેઠળ ઈગ્નાઈટ એકેડેમીના 17 વિદ્યાર્થી સફળ રહ્યા છે. તેમનામાં તીર્થ પદમણી (162 ગુણ), પ્રાંજલ ગજેરા (156), કેસર મોવાલિયા (155), દર્શન પરાટે (154) અને યુગ નવાપારા (151)નો સમાવેશ થાય છે. કંપની સેક્રેટરી (CS) એક વ્યાવસાયિક ડિગ્રી છે. જે ધોરણ-૧૨ પછી થઈ શકે છે. CS કોર્સ ત્રણ તબક્કે યોજાય છે-CSEET, એક્ઝિક્યુટિવ અને પ્રોફેશનલ. CSEETની આગામી પરીક્ષા નવેમ્બર-2025માં થશે, જેમાં નોંધણી માટે છેલ્લી તારીખ 15 ઓક્ટોબર-2025 છે.

### GM Diamond Groupએ હવે GM Group તરીકે નવી ઓળખ અપનાવી

સુરતઃ વર્લ્ડ ક્લાસ ઔદ્યોગિક પાર્ક વિકસાવવામાં અગ્રણી GM Diamond Groupએ હવે GM Group તરીકે નવી ઓળખ અપનાવી છે. તેનું નવીન ટેગલાઇન છે 'Shaping Industrial Growth, Creating Smart Lifestyle'. નવી ઓળખ GM Groupના વિસ્તરતા વિઝનને દર્શાવે છે. જેઓ ઔદ્યોગિક પાર્ક સિવાય હવે તેઓ વ્યાવસાયિક અને રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ સક્રિય પગલા ભરી રહ્યા છે. GM Groupએ Diamond Industrial Park, Diamond Business Park, Diamond Eco Park અને Diamond Iconic Park જેવા માઇલસ્ટોન પ્રોજેક્ટ્સના માધ્યમથી પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી છે. GM Groupએ આ ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કર્યા છે અને આજે બીજા વિકાસકર્તાઓ માટે ઉદાહરણરૂપ બની ગઈ છે.

### AM/NS ઈન્ડિયાએ હજીરા પ્લાન્ટમાં આધુનિક કન્ટિન્યુઅસ ગેલ્વેનાઇઝિંગ લાઇનની શરૂઆત

સુરત : આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયા (AM/NS India)એ આજે પોતાના હજીરા (ગુજરાત) સ્થિત મુખ્ય પ્લાન્ટમાં નવી અને આધુનિક કન્ટિન્યુઅસ ગેલ્વેનાઇઝિંગ લાઇન (CGL) શરૂ કરી છે. આ સાથે જ AM/NS Indiaએ ભારતમાં એકમાત્ર એવી કંપની બની છે. જે 1180 મેગા પાસ્કલ (MPa) સુધીની મજબૂત એડવાન્સ હાઇ-સ્ટ્રેન્થ સ્ટીલ (AHSS) બનાવી રહ્યું છે. જે ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે સંપૂર્ણ સુરક્ષિત, ટકાઉ અને ઈંધણની બચત પૂરું પાડનારું છે.

### સુરત એપીએમસીમાં સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સ્વચ્છતા જાગૃતિ અને મેડિકલ કેમ્પ યોજાયો

સુરતઃ તા.૧૪-૭-૨૦૨૫ ને સોમવારે સુરત એ.પી.એમ.સી. ખાતે દર વર્ષની જેમ તા.૧-૭-૨૦૨૫થી તા.૧૫-૭-૨૦૨૫ સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત વરાછા ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ, ભારત પેટ્રોલિયમ, પી.પી.માણીયા હોસ્પિટલ પ્રા. લિ., સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર હોસ્પિટલ અને સુરત એ.પી.એમ.સી.ના ઉપક્રમે સ્વચ્છતા જાગૃતિ અભિયાન અને શ્રમજીવીઓ માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રમજીવીઓ, શાકભાજી વેચતા વેપારીઓ તથા એ.પી.એમ.સી.ના વ્યવસ્થાપકો અને કર્મચારીગણો તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે માર્કેટિંગ યાર્ડના ઉપપ્રમુખ હર્ષદ પટેલ, ડિરેક્ટર બાબુભાઈ શેખ, સતીશ ભાટિયા અને જનરલ મેનેજર નિલેશ થોરાટ ઉપસ્થિત રહ્યા હતા.

### અડાજણ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હિંડોળો બનાવવામાં આવ્યો

સુરતઃ શ્રાવણ માસનો પ્રારંભ સાથે હિંડોળા ઉત્સવ શરૂ થાય છે. સુરતના અડાજણ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરમાં પણ મહંતસ્વામીની પ્રેરણાથી એક ભવ્ય હિંડોળો બનાવવામાં આવ્યો છે. આ હિંડોળાના દર્શન કરવા પ્રતિદિન હજારો ભક્તોની ભીડ જામી રહી છે. સવારે 6:30 થી બપોરે 12 કલાક દરમિયાન તથાં સાંજનાં સમયે 4:00 થી રાત્રે 9:00 કલાક સુધી આ હિંડોળાના દર્શન કરી શકાશે. ભક્તોને તેનો લાભ લેવા માટે મંદિરના મહંત ઘનશ્યામચરણ સ્વામી તથા કોઠારી ઉત્તમપ્રકાશ સ્વામીએ જણાવ્યું છે.

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા લોક અદાલત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સુરતઃ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત દ્વારા શ્રીમતી એલ.એન. બી દાળિયા હાઇસ્કુલ અને એન્ગલો ઉર્દૂ હાઇસ્કૂલમાં લોકઅદાલત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. બાળકો લોકઅદાલત વિશે ઊંડાણમાં જાણી શકે તેના માટે લોકઅદાલત સ્લોગન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું અને તેમને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. એડવોકેટ ભરતભાઈ પંડિત દ્વારા લોકઅદાલતનાં લાભો સમજાવવામાં આવ્યા હતા. મહિલા સુરક્ષા સમિતિ અને પેરા લીગલ વોલેન્ટિયર રોનકબેન ધ્રુવ દ્વારા ફ્રી લીગલ એડની સમજ આપવામાં આવી હતી. શાળાનાં આચાર્ય હિતેશભાઈ ભટ્ટ અને પઠાણ સાહેબનાં નેજા હેઠળ આખા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

# સચિનમાં જ્વેલરની હત્યા-લૂંટ કેસના આરોપીઓ પાસે પોલીસે 10 લાખ રિકવર કર્યા

**સચિનમાં** શ્રીનાથજી જ્વેલર્સમાં ચકચારી લૂંટ અને હત્યાના ગુનામાં રીઢા ગુનેગારો બિહારથી ઝડપાયા

સુરતઃ શહેરના સચિનમાં આવેલા શ્રીનાથજી જ્વેલર્સમાં ગત 7મીની સાંજે ચાર અજાણ્યા શખ્સોએ હથિયારો સાથે ઘૂસી લૂંટ અને હત્યાની ઘટનાને અંજામ આપ્યો હતો. આ ચકચારી ઘટનામાં સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ગણતરીના દિવસોમાં રીઢા ગુનેગારોને બિહારથી બે આરોપીને ઝડપી પાડી તેમની પાસેથી લૂંટની 10 લાખ રોકડ જપ્ત કરી છે. 7 તારીખે બનેલી આ ઘટનામાં લૂંટ દરમિયાન દુકાનના માલિક આશિષભાઈએ પ્રતિકાર કરતાં આરોપીઓએ તેમના પર પિસ્તોલથી બે-ત્રણ ગોળીઓ ફાયર કરી, જેનાથી તેમનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત બે સાક્ષીને પગ અને જાંઘના ભાગે ગોળીઓ વાગી હતી. જ્યારે ફરિયાદીને પિસ્તોલના બટથી ડાબા હાથે ઈજા પહોંચાડવામાં આવી હતી.

આરોપીઓ આ ઘટના બાદ નાસી ગયા હતા. આ ઘટના અંગે સચિન પોલીસ હત્યા અને લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં પોલીસે જેમને ઝડપ્યા છે તેમાં સંજય ચંદ્રદેવ પાસવાન (ઉ.વ.45) (રહે., ડીઘી કલા, વૈશાલી, બિહાર) અને અવિનાશ ઉર્ફે રાકેશ રઘુનાથ પાસવાન (રહે., પાનાપુર, ખાનપુર, બિહાર)ને ઝડપી પાડ્યા હતા. આ આરોપીઓને સ્થાનિક કોર્ટમાં રજૂ કરી 4 દિવસનાં ટ્રાન્ઝિટ રિમાન્ડ પર સુરત લાવવામાં આવ્યા છે. એક આરોપી પીન્ટુ રવિન્દ્ર પાસવાન હજુ વોન્ટેડ છે.

પોલીસે આરોપીઓને પકડવા માટે બિહારમાં વેશ પલ્ટો કરવો પડ્યો હતો.

### બિહાર જેલમાં દીપક પાસવાને લૂંટનો પ્લાન ઘડ્યો હતો

4 સભ્ય ધરાવતી આ કુખ્યાત ગેંગના સભ્યોનો પરિચય જેલની અંદર થયો હતો. આ ગેંગનો મુખ્ય સૂત્રધાર અને સરદાર, દીપક શિવજી પાસવાન, ભૂતકાળમાં સુરત જિલ્લાના કડોદરા વિસ્તારમાં રહેતો હતો. સુરત શહેર અને તેની આસપાસના વિસ્તારોથી પરિચિત હોવાને કારણે દીપકને સચિન વિસ્તારની ભૌગોલિક સ્થિતિ અને તેની સંભવિત નબળાઈઓની જાણ હતી. તેને ખબર હતી કે શહેરના છેવાડે આવેલા સચિન જેવા વિસ્તારોમાં રાત્રિના સમયે જ્યારે દુકાનો બંધ થાય છે ત્યારે લૂંટ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાય છે અને મોટી માત્રામાં રોકડ તેમજ કીમતી વસ્તુઓ હાથ લાગી શકે છે. આ જ જ્ઞાનનો લાભ ઉઠાવીને દીપક પાસવાને અન્ય 3 આરોપીને સુરતમાં જ્વેલર્સની દુકાનને નિશાન બનાવવાની વિસ્તૃત યોજના બનાવી અને તેમને 'ટિપ' આપી હતી.

### તમામ આરોપીઓ લૂંટ-ધાડ સહિતનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે

**સંજય ચંદ્રદેવ પાસવાન (પૂર્વ ઇતિહાસ)**

સંજય વિરુદ્ધ બિહારમાં કુલ 5 ગંભીર ગુના નોંધાયેલા છે. તેમાં NDPS એક્ટ હેઠળ ગાંજા સાથે પકડાવવાનો, SBI ગ્રાહક સેવા કેન્દ્ર પર રોકડ અને મોબાઈલ લૂંટનો, હથિયારો સાથે ધાડ પાડવાનો અને બાઇક ચોરી કરીને સંતાડવા જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

**દીપક શિવજી પાસવાન (પૂર્વ ઇતિહાસ)**

આ ગેંગના મુખ્ય સૂત્રધાર દીપક પાસવાન વિરુદ્ધ બિહારમાં કુલ 7 ગંભીર ગુના નોંધાયેલા છે. તેમાં હથિયારો સાથે પેટ્રોલપંપ પર ધાડ પાડવાનો પ્રયાસ (જ્યાંથી તે હથિયારો અને ગાંજા સાથે પકડાયો હતો), મોબાઈલ સ્નેચિંગ, 2,71,700 રૂપિયાની રોકડ લૂંટ, 1,00,000 રૂપિયા ભરેલી બેગની સ્નેચિંગ, ટ્રેક્ટર ચોરી અને બંધન બેંકમાંથી 3,04,170 રૂપિયા અને મોબાઈલ ફોનની લૂંટ જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

**પિન્ટુ રવિન્દ્ર પાસવાન (વોન્ટેડ આરોપી, પૂર્વ ઇતિહાસ)**

હજુ પણ ફરાર એવા વોન્ટેડ આરોપી પિન્ટુ પાસવાન વિરુદ્ધ બિહારમાં કુલ 6 ગંભીર ગુના નોંધાયેલા છે. તેમાં પિસ્તોલ સાથે પકડાવવાનો, સાગરીતો સાથે મળીને રોકડ રૂપિયાની લૂંટ અને ધાડ, પિસ્તોલ સાથે જ્વેલર્સની દુકાનમાં ધાડ પાડી સોના-ચાંદીની લૂંટ, બંધન બેંકમાંથી 3,04,170 રૂપિયા અને મોબાઈલ ફોનની લૂંટ, તેમજ ચોરી કરીને નશો કરવા માટે ગાંજાને સંતાડી રાખવા જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

### લૂંટ બાદ ટ્રેનમાં ભાગતી વેળા આરોપીઓને ટીટીએ દંડ ફટકાર્યો હતો

લૂંટ બાદ આરોપીઓ અત્યંત ચાલાકીપૂર્વક ભાગી છૂટ્યા હતા. સંજય ભુસાવલ ટ્રેનમાં બેસીને પટના પહોંચ્યો હતો અને ત્યાંથી અન્ય ટ્રેનમાં હાજીપુર પહોંચ્યો હતો. બીજી તરફ અવિનાશ સુરતથી દિલ્હી પહોંચ્યો હતો અને દિલ્હીથી પટના થઇને પોતાના વતન પહોંચ્યો હતો. રસપ્રદ રીતે તેમની ટ્રેન યાત્રા દરમિયાન TT દ્વારા ટિકિટ ન હોવાને કારણે દંડ પણ કરવામાં આવ્યો હતો.

# શહેરમાં વધુ 80 તપેલા ડાઈંગ મિલ મળી આવતાં સીલ કરાઈ

**ગેરકાયદે** તપેલા ડાઈંગ અને પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા લોકોમાં ફફડાટ

સુરતઃ શહેરમાં રસ્તાઓ પર ગટરમાંથી નીકળેલા કલરયુક્ત કેમિકલવાળા પાણીના કારણે સફાળી જાગેલી મનપાએ શહેરમાં તપેલા ડાઈંગ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જે અંતર્ગત કતારગામ ઝોન વિસ્તારમાં એકસાથે 42 અને લિંબાયતમાં 38 એમ કુલ 80 જેટલી તપેલા ડાઈંગ સીલ કરી દેવામાં આવતાં ગેરકાયદે તપેલા ડાઈંગ અને પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

શહેરમાં પડેલા ભારે વરસાદ બાદ અલગ અલગ વિસ્તારોમાં ગટરમાંથી કલરવાળું કેમિકલયુક્ત પાણી બહાર રસ્તા પર આવતાં મનપાની કામગીરી સામે સવાલો ઊઠ્યા હતા. જેથી મનપા દ્વારા દરેક ઝોન વિસ્તારમાં ગેરકાયદે ધમધમતી તપેલા ડાઈંગ સામે પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે, જેમાં સૌપ્રથમ ઉધના ઝોન વિસ્તારમાં સતત ત્રણ દિવસ તપેલા ડાઈંગ સીલ કરાયા બાદ લિંબાયત ઝોનમાં પણ સતત ત્રણ દિવસ તપેલા ડાઈંગ સામે સીલની કાર્યવાહી કરવામાં આવી હતી. હવે કતારગામ ઝોન દ્વારા પણ ગેરકાયદે ધમધમતી તપેલા ડાઈંગો સામે લાલ આંખ કરવામાં આવી હતી. કતારગામ ઝોન દ્વારા સહયોગ ઈન્ડસ્ટ્રિઝમાં આવેલ અને અગાઉ નોટિસ આપવામાં આવેલી કુલ 61 તપેલા ડાઈંગને સીલ કરી દેવામાં આવી હતી. ફરીથી મનપા દ્વારા આ સહયોગ ઈન્ડસ્ટ્રિઝમાં વધુ 42 તપેલા ડાઈંગ સીલ કરી દેવામાં આવી છે. તેમજ લિંબાયત ઝોન વિસ્તારની જય નારાયણ ઈન્ડ., ક્રિષ્ણાનગર તથા ગરીબ નવાઝ નગર, લિંબાયતમાં વધુ 38 તપેલા ડાઈંગ/ પ્રિન્ટિંગ પ્રેસનાં યુનિટ સીલ કરવામાં આવી હતી.

### ભીમરાડમાં સુમન આવાસમાં ફસાયેલી બે વ્યક્તિને ફાયરે સહીસલામત બહાર કાઢી

સુરતઃ સુરતના ભીમરાડ ફાયર સ્ટેશન સામે આવેલા સુમન આવાસમાં દરવાજો લોક થઈ જવાને કારણે બે વ્યક્તિ ફસાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં ભીમરાડ ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને દરવાજો તોડીને બંને વ્યક્તિને સહીસલામત બહાર કાઢી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ભીમરાડ વિસ્તારમાં ભીમરાડ ફાયર સ્ટેશનની સામે આવેલા સુમન આવાસમાં એક ઘરમાં બે વ્યક્તિ લોક થઈ ગઈ હતી. આ ઘટના બપોરે 12:34 વાગ્યે નોંધાઈ હતી. જ્યારે ફાયર બ્રિગેડને કોલ આવ્યો હતો. જેથી ફાયરની ટીમ સ્થળ પર પહોંચી હતી અને દરવાજાનો લોક તોડી બંને ફસાયેલા સુલેખા આઈસક્રીમવાલા (ઉં.વ.70) અને દીશા આઈસક્રીમવાલા (ઉં.વ.35)ને સહીસલામત બહાર કાઢવામાં આવ્યાં હતાં.

### વરિયાવમાં કાચાં-પાકાં ઝૂંપડાંનાં દબાણો દૂર કરી રિઝર્વેશન પ્લોટનો કબજો લેવાયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાંદેર ઝોનમાં ટી.પી. સ્કીમ નં.36 (વરિયાવ)ના વિવિધ પ્લોટમાંથી ઝૂંપડાં અને અનધિકૃત સ્ટ્રક્ચર્સ હટાવવામાં આવ્યાં હતાં, જેમાં ટી.પી. સ્કીમ નં.36ના એફ.પી. 86, 100, 84, 85, 94 અને 97માં આવેલાં ઝૂંપડાં તેમજ છાપરાભાઠા-વરિયાવ રોડ અને ઉત્તર બુનિયાદી સ્કૂલની બહાર ટી.પી. રોડ પરનાં આશરે 25 ઝૂંપડાં દૂર કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત 9 ઘાસના સ્ટેક પણ હટાવી મનપાના રિઝર્વેશન પ્લોટનો કબજો લેવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન 200 બામ્બુ અને 15 પ્લાસ્ટિક તાડપત્રી જપ્ત કરવામાં આવી હતી. જેનાથી દબાણની સમસ્યાનું મોટા પ્રમાણમાં નિરાકરણ થયું છે. આ પગલાંથી રાંદેર ઝોનના રિઝર્વેશન પ્લોટ અને રોડની આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અને વ્યવસ્થા જળવાઈ રહેશે.

**સિંચાઇ વિભાગની જવાબદારી છતાં મનપાએ પારકી સુવાવડ કરવી પડી**

# ખાડીઓની કામગીરી માટે મનપા 1.29 કરોડના ખર્ચે 50 મશીનરીઓ ભાડે લેશે

**દબાણો** દૂર કરવાની કામગીરી વચ્ચે વધારાની દરખાસ્ત મૂકી શાસકોની મંજૂરી લેવાઇ

સુરતઃ ખાડી નિવારણ સમિતિના અધ્યક્ષસ્થાને મનપા કમિશનરને જવાબદારી સોંપાતા જ ખાડીઓમાં અવરોધરૂપ સ્ટ્રક્ચરો તાબડતોબ તોડવાના શરૂ કરાયા છે. છેલ્લા 5 દિવસથી સતત આ કામગીરી ચાલી રહી છે. સ્ટ્રક્ચરો તોડવાની કામગીરી માટે વધુ મશીનરીઓની જરૂરિયાત જણાતી હોય, મનપા દ્વારા ભાડેથી મશીનરીઓ લેવાનો નિર્ણય કરાયો છે. જે માટેની દરખાસ્ત વધારાના કામ તરીકે સ્થાયી સમિતિમાં મંજૂર કરવામાં આવી હતી. 6 ઝોનમાં મળીને કુલ 50 મશીનરીઓ ભાડેથી લેવાશે. જે માટે કુલ રૂ.1.29 કરોડનો ખર્ચ થશે. જો કે ખરેખર જે સિંચાઇ વિભાગની જવાબદારી છે. પરંતુ હવે ખાડીપૂરના કારણે શહેરની પ્રજાને ભોગવવું પડતું હોય મનપાએ પારકી સુવાવડ કરવાની ફરજ પડી છે. દબાણો દૂર કરવા ઝોન (વરાછા, સરથાણા, લિંબાયત, અઠવા, ઉધના-એ અને ઉધના-બી) કક્ષાએ જરૂરી મશીનરીઓની ફાળવણી કરવા માટે વર્કશોપ વિભાગ દ્વારા દરખાસ્ત રજૂ કરાઈ હતી. કામગીરી માટે જરૂરી મશીનરીઓ જેવી કે લૉંગસ્ટિક બુમ એસ્કેવેટર, પોકલેન મશીન, ડમ્પર ટ્રક, એસ્કેવેટર લોડર, ટ્રેક્ટર વગેરેની માંગણી કરવામાં આવી હતી. મનપા હસ્તકની વાહન મશીનરીઓ રસ્તા રિપેરિંગ, આરોગ્ય તેમજ અન્ય મહત્ત્વની કામગીરી સાથે સંકળાયેલી હોય, મનપા દ્વારા ખાડીઓની કામગીરી માટે વધુ આ મશીનરીઓ ભાડેથી લેવાશે. જેને સ્થાયી સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી.

# અડાજણની મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી 7 લાખ પડાવનાર પીટી ટીચર ઝડપાયો

**આરોપીના** બેંક ખાતામાં ફ્રોડના 4 લાખ જમા થયા હતા

સુરતઃ અડાજણની નિવૃત્ત સરકારી મહિલા કર્મચારીને ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાએ રૂપિયા ૭ લાખ પડાવી લીવા મામલે સાયબર સેલ પોલીસે એક આરોપી પકડી પાડ્યો છે.

અડાજણમાં સૌરભ પોલીસચોકી પાસે આવેલી સોસાયટીમાં રહેતી ૫૮ વર્ષીય મીનાબેન (નામ બદલ્યું છે) નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓ સરકારી કર્મચારી તરીકે નોકરી કરતા હતા. ગત તા. 3-9- 2024ના રોજ સવારે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાની ઓળખ રાજેશકુમાર તરીકે આપી જણાવ્યું કે, તમારા મોબાઈ લ નંબરના આધારે કેનેરા બેંકમાં એકાઉન્ટ ઓપન થયું છે, તે ખાતું નરેશ ગોયલ નામના વ્યક્તિના રૂપિયા ૬૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ઉપયોગ થયો છે અને તે કેસમાં પણ તમારું નામ આવ્યું છે અને મુંબઈમાં ગુનો નોંધાયો હોવાનું જણાવી ડરાવ્યા હતા. ત્યારબાદ વીડિયો કોલ કરી હેમરાજ કોલીએ મુંબઈ ક્રાઈમ બ્રાંચના ઓફિસર તરીકે વાત કરી હતી. મહારાષ્ટ્ર પોલીસના લોગો અને બૃહદ મુંબઈ પોલીસનો રાઉન્ડ સીલ મારેલું તથા કમિશનર ઓફ એડમિનિસ્ટ્રેશનની સહીવાળો બોગસ આઈકાર્ડ બોગસ ઈન્ફર્મેશન રિપોર્ટ મોકલી આપ્યો હતો. સાથોસાથ બોગસ બેંક સ્ટેટમેન્ટ, સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાના બોગસ લેટરો મોકલાયા હતાત્યારબાદ બેંક ડેટા વેરિફિકેશનના નામે મંગાવી લેવાયા હતા. મની લોન્ડરિંગ કેસમાં કેનેરા બેંકના ખાતામાં 20 લાખ કમિશન પેટે ચૂકવાયા હોવાની પણ વાત કરાઈ હતી. તપાસમાં સહકાર ન આપશો તો 3 વર્ષ સુધીની સજા અને 5 લાખનો દંડ થશે એવી પણ ધમકી અપાઈ હતી. આ રીતે ડિજિટલ એરેસ્ટ કરાઈ હતી.જે બાદ ઠગોએ બેંક ખાતાઓ મીના બેનને આપતા મીનાબેને 7 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. નાણાં જમા થતા જ સાઈબર ક્રિમિનલ્સ ગાયબ થઈ ગયા હતા. આખરે ડિજિટલ એરેસ્ટ સાયબર ફ્રોડનો ભોગ બન્યાનો અહેસાસ થતા મામલો સાયબર સેલમાં પહોંચ્યો હતો.સાયબર સેલે ગત 16મીના રોજ બાતમી આધારે એક આરોપીને યુપી થી દબોચી લીધો હતો.

સાયબર સેલે આરોપી સંતોષસિંગ હાકિમસિંગ બદનસિંગ (ઉંમર વર્ષ 29 રહે.,જાઝમ પહી, ગામ મગોરા,તાલુકો.,ગોવર્ધન,જીલ્લો, મથુરા (યુપી))ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.પોલીસે આરોપી પૂછપરછ કરતા માલમ પડ્યું હતું કે ફ્રોડના 4 લાખ તેના બેંક ખાતામાં જમા થયા હતા જે રૂપિયા મિત્રો સાથે ભેગા મળી ઉપાડી લીધા હતા.આરોપી વતનમાં NGO માં પીટી ટીચર તરીકે કામ કરે છે.

# વધુ એક હનીટ્રેપ, યુવક સહકર્મી યુવતી સાથે ફ્લેટમાં ગયો ને પોલીસ ત્રાટકી

**પોલીસના** સ્વાંગમાં આવેલા ગઠિયાઓએ હાથકડી પહેરાવી બળાત્કારનો ગુનો નોંધવાની ધમકી આપી

**યુવક**